# કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી ખાતે પીએમ-પ્રણામ કિસાન સંગોષ્ઠી યોજાઇ

કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, સણસોલી અને ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ (GNFC LTD) ના સંયુક્ત ઉપક્રમે ફાર્મ ટેકનૉલોજિ ટ્રેનીંગ સેન્ટર, નેનપુર ખાતે ડૉ. કે. બી. કથીરિયા, માનનીય કુલપતિશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટીના માર્ગદર્શન હેઠળ તા. ૨૪/૦૩/૨૦૨૫ ના રોજ પીએમ-પ્રણામ કિસાન સંગોષ્ઠી યોજાઇ. જેમાં મહેમદાવાદ તાલુકાના વિવિધ ગામોમાંથી ૧૨૦ ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

કાર્યક્રમમાં ડૉ. ડી. બી. પ્રજાપતિ, સહ સંશોધન વૈજ્ઞાનિકે આમંત્રિત મહેમાનો તથા પધારેલ ખેડૂતોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું તથા કેન્દ્ર ખાતે ચાલતી સંશોધન, બીજ ઉત્પાદન, વિસ્તરણની કામગીરી અને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં ભલામણ કરવામાં આવેલ વિવિધ પાકોની જાતો વિષે ખેડૂતોને માહિતી આપી હતી. ડૉ. એમ. બી. ઝાલા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે દિવેલાની નવીન જાતો તથા વિવિધ પાકોમાં નુકસાન કરતી જીવાતો અને તેના સંકલિત વ્યવથાપન વિશે ખેડૂતોને સમજણ આપી હતી. જી.એન.એફ.સી.લી.ના મધ્ય ગુજરાતના હેડ શ્રી ડી.એ.પટેલ દ્વારા PM-PRANAM યોજના વિશે તથા સેન્દ્રિય ખાતરના ફાયદા તથા વિગતવાર વિવિધ ઓર્ગેનિક પ્રોડક્ટસ  જેવી કે સિટી કોમ્પોસ્ટ, ફરમેન્ટેડ ઓર્ગેનિક મેન્યુર (FOM), જૈવિક જંતુનાશકો તથા નીમ પેસ્ટીસાઇડની માહિતી માહિતી આપવામાં આવી હતી. ડૉ. બી. એન. ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ વિશે માહિતગાર કરવામાં આવેલ. મહેમદાવાદ તાલુકાના વિસ્તરણ અધિકારી (ખેતી) શ્રી અશોકભાઈ ચૌહાણ દ્વારા ખેડૂતોને સરકારશ્રીની કૃષિ વિષયક વિવિધ યોજનાઓ વિશે માહિતગાર કરવામાં આવેલ. કાર્યક્રમના અંતે ખેડૂતોને મૂંજવતી સમસ્યાઓનું નિરાકરણ કરવામાં આવ્યું. તાલીમમાં ભાગ લેનાર ખેડૂતોને મ્યુઝિયમની મુલાકાત કરાવવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. ટી.આર. પટેલ, રીસર્ચ એસોસિએટ; જી.એન.એફ.સી.લી.ના ખેડા-આણંદ જિલ્લા પ્રતિનિધિ શ્રી એચ .આર. નંદાણી; જી.એન.એફ.સી.લી.ના ખેડા જિલ્લાના નર્મદા ખેડૂત સહાય કેન્દ્ર-સંચાલકો શ્રી પી.એ.પટેલ અને શ્રી આર.આર.પટેલ દ્વારા કરવામાં આવ્યું.







